પ્રાંતિજ ખાતે નવરાત્રીને લઈને પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતીની બેઠક યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ પોલીસ સ્ટેશનમાં આવનાર નવલી નવરાત્રી ને લઈને પ્રાંતિજ પીએસઆઇ બી.ડી.રાઠોડ દ્વારા શાંતિ સમિતિ ની બેઠક નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઓયોજકો નગર ના અગ્રણીઓ વેપારીઓ વિવિધ કોમના આગેવાનો સહિત હિન્દુ મુસ્લિમ આગેવાનો સહિત ની બેઠક યોજાઈ. પ્રાંતિજ ખાતે દરવર્ષ ની જેમ આવર્ષે પણ પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે આવનાર નવરાત્રી ને લઈ ને પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીએસઆઈ બી.ડી.રાઠોડ ની અધ્યક્ષતામા શાન્તિ સમિતિ ની બેઠક પોલીસ સ્ટેશન ખાતે યોજાઈ હતી જેમાં ભાઈલાલભાઇ પટેલ, આશિષભાઇ પટેલ, સફીભાઈ સહિતના આયોજકો, વેપારીઓ તથા હિન્દુ મુસ્લીમ આગેવાનો સહિત લોકો ઉપસ્થિત રહ્યા હતા

ધાનેરા પણ સક્કડ બંધ ગૌભક્તો વેપારીઓ વિશાળ રેલી : ૫૦૦ કરોડ સહાય આપવા રજૂઆત કરી

અત્યારે ગૌમાતા લંપી નામના રોગચાળા થી પીડાઈ રહી છે. અને એક બાદ એક ગાયોના મોત નીપજી રહ્યા છે. જેથી કરીને લોકો તેમજ ગૌ સેવકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. ત્યારે સરકારે થોડા સમય અગાઉ ૫૦૦ કરોડ ગાયોને સહાય આપવાની જાહેરાત કરી હતી. પરંતુ તે હજુ સુધી સહાય ન ચૂકવતા આજે ગૌ સેવકો રસ્તા પર ઉતર્યા છે. અને સરકાર પાસે સહાયની માંગ કરી રહ્યા છે .અત્યારે ગૌમાતા ભારે મુશ્કેલીમાં છે ત્યારે સરકાર સહાય ચુકવે અને ગાયોની વારે આવે તેવી માંગ સાથે આજે સમગ્ર ગુજરાતમાં બંધનું એલાન આપવામાં આવ્યું હતું. ત્યારે ધાનેરા પણ સક્કડ બંધ જોવા મળી રહ્યું હતું. ધાનેરા માં વેપારીઓ તેમજ ગૌ સેવાકોએ વિશાળ રેલી યોજી મામલતદાર કચેરી ખાતે મામલતદાર શ્રી ને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને ગાયોને તાત્કાલિક ધોરણે સહાય ચૂકવવામાં આવે તેવી માંગ કરી હતી.

પાલનપુરમાં રેલવે ઓવરબ્રિજ પર જોખમી ડીવાઈડર અકસ્માત સર્જશે

પાલનપુર શહેરમાં નવા રેલવે ઓવરબ્રિજ પર કોઝીથી ગુરુનાનક ચોક પર જતા નીચે ઢાળમાં વિશ્રામ ગૃહ અને વ્હાઈટ હાઉસની સામે અકસ્માત ન સર્જાય અને વાહનો ઘૂસી ના જાય એ માટે ડીવાઈડર મૂકવામાં આવ્યા છે જોકે તેને ખોટી રીતે રોડની ઉપર અચાનક સામે આવી જતા ભયાનક અકસ્માતની આશંકા સેવાઈ રહી છે. વાહન ચાલક ફરમાન ભાઈએ જણાવ્યું હતું કે પુલ ઉતરતી વખતે મુખ્ય રોડની લેનમાં જ ડીવાઈડર રોડ પર જોખમી રીતે મૂકી દેતા વાહનો અથડાવાની ઘટના બની શકે છે. જે તાત્કાલિક દુરસ્ત કરવું જોઈએ."

સાબરકાંઠા ભાજપ મહિલા મોરચા દ્વારા હિમોગ્લોબીન તપાસ કેમ્પ યોજાયો

વડાપ્રધાન નરેન્દ્રભાઈ ના જન્મદિવસ અંતર્ગત સેવાહી સંગઠનના ભાગરૂપે સાબરકાંઠા ભાજપ મહિલા મોરચા દ્વારા સાબરકાંઠા જિલ્લાના દરેક - શહેરના મુખ્ય મથક તેમજ ગ્રામ્ય વિસ્તારમાં શાળાઓમાં ૧૩ થી ૨૦ વર્ષની દીકરીઓને હિમોગ્લોબિન તપાસ કેમ્પ ડોક્ટર સેલના સહયોગથી રાખવામાં આવેલ. જેમાં જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ, જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ નીલાબેન પટેલ, સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ, મહિલા મોરચાના જિલ્લા મહામંત્રી કાજલબેન દોશી, લીલાબેન વ્યાસ, પાલિકા પ્રમુખ યતીનબેન મોદી, જીલ્લા ખજાનચી જયેશભાઈ શાહ, તલોદ તાલુકા પ્રમુખ કલ્પેશભાઈ ભાઈ, તલોદ માર્કેટયાર્ડના ચેરમેન સંજયભાઈ પટેલ, ગોપાલસિંહ રાઠોડ, શહેર ભાજપ પ્રમુખ વાસુદેવ રાવલ, નિર્મળાબેન પંચાલ, તાલુકા મહિલા મોરચાના પ્રમુખ ભાવનાબેન પંડયા, ડો. સમીરભાઈ શાહ, ડો. પ્રકાશ મેવાડા, ડો. મિલન ગોસ્વામી, હિંમતનગર શહેર કાર્યક્રમના ઈન્ચાર્જ જીનલબેન પટેલ, શહેર મહામંત્રી જયેશભાઈ પટેલ, સવજીભાઈ ભાટી, બીપીનભાઈ દરજી, શહેર મહિલા મોરચાના પ્રમુખ અરુણાબેન કડિયા, અર્ચનાબેન ભટ્ટ, હંસાબેન પિત્રોડા, વર્ષાબેન મિસ્ત્રી, બીનલબેન ભાવસાર, બીનાબેન બ્રહ્મભટ્ટ,ભાવનાબેન પંચાલ, નીકીતાબેન, જાનકીબેન રહેવર, તાલુકા પંચાયત પ્રમુખ વિનોદભાઈ પટેલ, કુંતલબેન ગોર સહિત મહિલા મોરચાની બહેનો, કાર્યકરો હાજર રહેલ. અન્ય તાલુકાઓમાં મહિલા મોરચા દ્વારા બ્લડ ડોનેશન કેમ પણ રાખવામાં આવેલ. દીકરીઓને આહારશૈલી પર મેડીકલકાઉન્સિલ કરવામાં આવ્યુ.

પાલનપુરની નાની બજારમા ત્રીજી વખત રોડમાં વાહનનું ટાયર ફસાયું

પાલનપુર માં ભૂગર્ભ ગટર ની કામગીરી બાદ રસ્તાઓનું સમાર કામ કરવામાં ન આવતા બિસમાર રોડ રસ્તાઓને લઈ લોકો મુશ્કેલી માં મુકાયા છે જેમાં નાની બજાર વિસ્તારમાં હાથીખાના ચોકથી નાની બજાર તરફ જતો માર્ગ સાવ બિસ્માર હોય આ રોડ ઉપર ત્રીજી વખત વાહનનું ટાયર ફસાયું હતું નાની બજાર રોડ ઉપરથી એક લાકડા ભરેલું ટ્રેક્ટર પસાર થઈ રહ્યું હતું ત્યારે ટ્રેક્ટરનું ટાયર રોડમાં ખૂંપી ગયું હતું. જાહેર માર્ગ ઉપર ટ્રેક્ટરનું ટાયર ફસાઈ જતાં તેને બહાર કાઢવા માટે ચાલકને ભારે જહેમત ઉઠાવવી પડી હતી જેને લઈ ચક્કાજામ ની સ્થિતિ સર્જાઈ હતી જોકે એક જ જગ્યા ઉપર ત્રીજી વખત આ રીતે વાહનનું ટાયર ફસાયું હતું જોકે હવે વરસાદ ઓછો થયો છે

ચોમાસાની વિદાયના સંકેત

ઉત્તર ગુજરાતમાં ગત વર્ષની સરખામણીએ બમણો વરસાદ, પાણીના તળ ઉંચાં આવ્યાં

આ વર્ષે ૧૨૧ ટકા, ગત વર્ષે ૫૦ ટકા સરેરાશ વરસાદ વરસ્યો

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૧

ઉત્તર ગુજરાતમાં પાછલા દિવસથી બફારા સાથે ગરમી પ્રકોપ હાવિ થઈ રહ્યો છે. હજુ પણ ચોમાસાનો એક રાઉન્ડ આવશે તેવી સંભાવના વચ્ચે છેલ્લા ૩ દિવસથી ચોમાસાની વિદાયના કુદરતે સંકેત આપ્યા છે. ઉત્તર ગુજરાતમાં ગત વર્ષની સરખામણીએ આ વર્ષે બમણો વરસાદ નોંધાયો છે. પાણીના તળ ધીરે ધીરે ઉંચાં આવી રહ્યાં છે. ગત વર્ષે તા.૨૦ સપ્ટેમ્બરની સ્થિતિએ ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં સરેરાશ ૬૦.૫૭ ટકા વરસાદ વરસ્યો હતો જેની સામે ઉત્તર ગુજરાતમાં ૧૨૧.૪૧ ટકા વરસાદ એટલે કે બમણો વરસાદ નોંધાયો છે. પ્રાપ્ત જાણકારી અનુસાર ઉત્તર ગુજરાતની અતૃપ્ત ધરાને જુલાઈ-ઑગષ્ટ અને સપ્ટેમ્બરના મધ્ય ભાગ સુધી વરસેલા વરસાદે જળતરબોડ કરી દીધી છે. વરસાદ થંભી ગયા પછી અનેક ખેતરો હજુ પણ બેટમાં ફેરવાયા છે. સર્વત્ર કુદરતની લીલી ચાદર પથરાવવાની સાથે આ વર્ષે ઉત્તર ગુજરાતના ૪૭ તાલુકામાં ૧૫ લાખ હેક્ટરથી વધુ જમીનમાં વિવિધ ખરીફ પાકનું વાવેતર થયું છે. પાછલા ૨ દિવસથી તાપમાનનો પારો ૩૪ ડિગ્રીને પાર કરી રહ્યો છે. બપોર થતાં લમણા શેકી નાખે તેવી ગરમી અને બફારાનો પ્રજા અનુભવી કરી રહી છે. એદલ ઉનાળો શરુ થયો હોય તેવું વાતાવરણ જોવા મળી રહ્યું છે. એક રીતે નવરાત્રિ પર્વને આડે હવે માત્ર ગણતરીના ૫ દિવસ બાકી છે. ત્યારે કુદરતે ચોમાસાની ઋતુના વિદાયના સંકેત આપ્યા હોય તે રીતે પરોઢે હાર પડવાની સાથે વાતાવરણમાં ફૂલ ગુલાબી ઠંડીનો સહજ ચમકારો પણ જોવા મળી રહ્યો છે. ત્યારે ચોમાસુ વિદાય થાય તો સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં ગત વર્ષની સરખામણીએ બમણો વરસાદ નોંધાયો છે. જે ખેડૂતોની આર્થિક સમૃદ્ધિ માટે પૂરતો વરસાદ હોવાનું જાણકારો જણાવી રહ્યા છે. કુદરતે ગત વર્ષની જેમ આ વર્ષે પણ અરવલ્લી જિલ્લામાં ઓછો વરસાદ વરસાવ્યો છે જે નોંધવું રહ્યું.

ઉત્તર ગુજરાતમાં વરસાદ

જિલ્લો	વરસાદ	ગત વર્ષનો વરસાદ (ટકામાં)
સાબરકાંઠા	૧૨૬.૩૨	૬૧.૦૨
અરવલ્લી	૧૦૧.૭૩	૫૫.૬૬
પાટણ	૧૨૨.૦૩	૬૭.૧૫
બનાસકાંઠા	૧૪૩.૦૮	૬૧.૦૬
મહેસાણા	૧૧૩.૮૯	૫૭.૯૯

આ વર્ષે ૩૮ તાલુકામાં ૧૦૦ ટકા વરસાદ, ગત વર્ષે એકપણ તાલુકો નહીં

ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં ૧૨૧ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે જે ગત વર્ષ કરતાં બમણો હોવાનું આંકડા જણાવી રહ્યા છે ત્યારે ઉત્તર ગુજરાતના ૪૭ પૈકી ૩૮ તાલુકામાં આ વર્ષે સરેરાશ ૧૦૦ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે ગત વર્ષે ઉત્તર ગુજરાતના એકપણ તાલુકામાં ૧૦૦ ટકા વરસાદ વરસ્યો ન હતો.

ભિલોડા તેરાપંથ સમાજનો સંઘ રાજસ્થાનના છાપર પહોંચ્યો

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૧

મહાતપસ્વી આચાર્ય શ્રી મહાપ્રમાણજીના શિષ્ય ડૉ.મુનિશ્રી મદનકુમારજીના સાનિધ્ય અને યુનિશ્રી સિદ્ધાર્થકુમારજીના નિર્દેશનમાં અરવલ્લી જિલ્લાના ભિલોડાનો તેરાપંથ સમાજનો સંઘ રાજસ્થાનના ગુરુ જિલ્લાના છાપર ગામમાં ગુરુદર્શનાર્થે ભિલોડાથી રવાના થયો. ગુરુદર્શનાર્થ જવાનો ઉદ્દેશ્ય ૨૦૨૩માં આચાર્ય શ્રી મહામણજીના ઉત્તર ગુજરાત પ્રવાસ વખતે ભિલોડા પણ પધારે તેની વિનંતીનો હતો. સંઘમાં ૪૦ ભાઈ-બહેનો છે જેમાં જ્ઞાનશાળાના નાના બાળક-બાળકીઓ અને મોટી ઉંમરના સીનીયર સીટીઝન બહેનો પણ જોડાઈ છે. ભિલોડાનો પુરા ઉત્તર ગુજરાતમાં જ્ઞાન શાળા છાપર લઈ જવાનો પ્રથમ નંબર છે. સંઘ જતી વખતે લાડથી છાપર અને સરદાર શહર જશે. છાપ તેરાપંથના આઠમા આચાર્ય કાલુગનીની જન્મભૂમિ છે તો સરદાર શહર દશમાં આચાર્ય મહાપ્રજ્ઞજીની નિર્માણ ભૂમિ છે. લાડનુમાં જૈન વિશ્વ ભારતી યુનિ. છે. ડૉ.મુનિશ્રી મદનકુમારજીએ કહ્યું કે ગુરુદર્શનનો અવસર ભાગ્યશાળીને મળે છે. અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય તે સાચા ગુરુ કહેવાય. સાચા ગુરુ કંચન અને કામીનીના હોય છે. આના પહેલાં પણ ગુરુદર્શનાર્થ સંઘ બે વખત ગયેલ છે જેમાં ઉત્તર ગુજરાતના અલગ અલગ ક્ષેત્રના ભાઈ-બહેનો પણ સાથે હતા. છાપરમાં અખિલ ભારતીય તેરાપંથ મહિલા મંડલના અધિવેશનમાં ભિલોડાની અધ્યક્ષા રેખાબેન ભટવેરા અને મંત્રી ટીના ચાવતે ભાગ લીધો. મહાસભાના અધિવેશનમાં મંત્રી બાલુભાઈ દડ અને ઉપાધ્યક્ષ લાદુલાલ પોખરનાએ ભાગ લીધો હતો.

ધનસુરા ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે

ભાજપ ડોક્ટર સેલ અને મહિલા મોરચા દ્વારા હિમોગ્લોબીન ચેકઅપ કેમ્પ યોજાયો

ધનસુરા, તા. ૨૧

ધનસુરા ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે ભાજપ ડોક્ટર સેલ અને મહિલા મોરચા દ્વારા હિમોગ્લોબીન ચેકઅપ કેમ્પ યોજાયો હતો.ધનસુરા ની આર.એસ.વી.જી. પટેલ ગર્લ્સ હાઈસ્કુલ ખાતે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના જન્મદિવસ નિમિત્તે ચાલતા કાર્યક્રમો અંતર્ગત અરવલ્લી જિલ્લા ડૉક્ટર સેલ અને મહિલા મોરચા દ્વારા દીકરીઓ માટે હિમોગ્લોબીન ચેકઅપ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં શાળા માં ભણતી કુલ ૯૮ દીકરીઓ નું ચેકીંગ કરવામાં આવ્યું હતું.ઓછુ હિમોગ્લોબીન ધરાવતી દીકરીઓને માહિતી અને ગોળીઓ નું વિતરણ કરાયું હતું.આ સમગ્ર કાર્યક્રમ માં ધનસુરા મંડલ ડોક્ટર સેલ ના પ્રમુખ શ્રી ડૉ.તરુણભાઈ,ડૉ.ભરતભાઈ શાહ,તેમજ ડૉ.શિરીષભાઈ શાહ તેમજ આ સમગ્ર કાર્યક્રમના મહીલા મોરચા ના સમગ્ર જીલ્લા ના ઈન્ચાર્જ શ્રીમતી પ્રીતિબેન સ્નેહલકુમાર ઠેકડી, તાલુકાના ઈન્ચાર્જ ધનસુરા મહિલા મોરચાના પ્રમુખ મધુબેન ઝાલા, મહામંત્રી સુશીલાબેન રાણા,મીનાબેન જોષી સંગઠન મહામંત્રી નરેન્દ્ર ભાઈ પટેલ તેમજ ધનસુરા કેળવણી મંડળ ના પ્રમુખ શ્રી કાંતિભાઈ પટેલ ,ધીરુભાઈ પટેલ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.આ કાર્યક્રમને સફળ બનાવવા રૂપેશભાઈ દોશી ઓમ લેબોરેટરી ધનસુરા તેમજ આચાર્ય શ્રી દક્ષાબેન પટેલ એ મહત્વનું યોગદાન આપ્યું હતું.

અરવલ્લીના મોડાસામાં ટાઉન હોલ ખાતે જિલ્લા કક્ષાના નવરાત્રી મેળાનું આયોજન

ચણીયા ચોળી, ઇમિટેશન જ્વેલરી, ઓક્સોડાઈઝ જ્વેલરી, હેન્ડમેડ જ્વેલરી, દાંડિયા, ફુર્તી જેવી નવરાત્રીને અનુરૂપ ચીજ-વસ્તુઓના વેચાણ અર્થે સ્ટોલ

બાયડ તા.૨૧

અરવલ્લીના મોડાસામાં ટાઉન હોલ ખાતે જિલ્લા કક્ષાના નવરાત્રી મેળાનું આયોજન કરાયું,નગરપાલિકા પ્રમુખશ્રી જલ્પાબેન ભાવસાર દ્વારા મેળાને જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવ્યો.મેળામાં ખરીદી કરીને મહિલાઓનું પ્રોત્સાહન વધાર્યું.મોડાસામાં ટાઉન હોલ ખાતે સ્વસહાય જૂથની ગ્રામીણ મહિલાઓ દ્વારા ઉત્પાદિત કલાત્મક ચીજ વસ્તુઓના વેચાણ અર્થે સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું.ગ્રામ વિકાસ વિભાગ દ્વારા રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ કાર્યરત મહિલા સ્વ સહાય જૂથોને કૌશલ્ય તાલીમ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.સ્વસહાય જૂથોની ઉત્પાદિત વિવિધ ચીજ - વસ્તુઓના વેચાણ અર્થે નવરાત્રી પર્વને ધ્યાને રાખી તા.૨૧-૦૯-૨૦૨૨ થી તા.૨૭-૦૯-૨૦૨૨ દરમ્યાન મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળામાં નગરપાલિકા પ્રમુખશ્રી જલ્પાબેન ભાવસાર દ્વારા ખરીદી કરીને મહિલાઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું.આ મેળામાં વધુ ને વધુ જનતા આવે અને લાભ લઈ સ્વસહાય જૂથોની મહિલાઓને પ્રોત્સાહિત કરે તેવો અનુરોધ કરવામાં આવ્યો છે.

અવસાન નોંધ...

હિંમતનગર તાલુકાના હિંમતપુર ગામના કચરાભાઈ કોદરભાઈ પટેલ ના સુપુત્ર વસંતભાઈ કચરાભાઈ પટેલ (ઉ.વર્ષ ૪૬)નું તા.૨૦/૦૯/૨૦૨૨ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થનુ બેસણુ તા.૨૩/૦૯/૨૦૨૨ ને શુકવારના રોજ હિંમતપુર ગામે રાખેલ છે.

આફત : સાબરકાંઠા, અરવલ્લીમાં કપાસના પાકમાં સૂકારાનો રોગ

સવા લાખ હેક્ટર કપાસના વાવેતર ઉપર ખતરો : ખેડૂતોની દશા બેઠી

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૧

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સારા વરસાદથી ખરીફ પાકના સારા ઉત્પાદનની આશા સેવાય છે ત્યારે ખેડૂતોના નસીબમાં બધુ અવળું થતું હોય તેમ ભારે વરસાદ પછી કપાસના પાકમાં સૂકારાનો રોગ દેખાતાં ખેડૂતો પાયમાલ થાય તેવી દહેશત ઉભી થઈ છે. છેલ્લા દોઢ સપ્તાહથી સૂકારાનો રોગ કપાસની ખેતીને નષ્ટ કરી રહ્યો છે. ત્યારે બંન્ને જિલ્લાનું ખેતીવાડી વિભાગ કુંભકર્ણની નિંદ્રામાં છે તેમની પાસે રોગચાળા અંગે કોઈ જાણકારી ન હોવાનું જાણવા મળ્યું છે. જિલ્લામાં સારા વરસાદ પછી અવિરત વરસાદ વરસતાં સાબરકાંઠા, અરવલ્લીની અંદાજીત ૪.૨૫ લાખ હેક્ટર જમીનમાં થયેલા ખરીફ વાવેતર ઉપર ખતરો ઉભો થયો હતો. ખેડૂતોએ અન્ય પાક કરતાં કપાસની ખેતી ઉપર વધુ મદાર રાખી જિલ્લાના કુલ વાવેતરના ૪૦ ટકા જેટલું વાવેતર કર્યું હતું. પરંતુ જિલ્લાના બાયડ, ધનસુરા, તલોદ, પ્રાંતિજ, મોડાસા, વડાલી સહિતના અનેક વિસ્તારોમાં કપાસની ખેતીમાં સૂકારાનો રોગ ડોકાતાં ખેડૂતો ભડક્યા છે. અગાઉ વરસાદ વરસ્યો ત્યારે કપાસની ખેતીમાં જીંડવાંની અછતથી ખેડૂતો ચિંતિત હતા જેમાં ખેડૂતોને સારી પાક ઉપજ માટે થોડી આશા બંધાઈ ત્યાં કપાસના પાકમાં સૂકારાના રોગે ખેતરો..ના..ખેતરો ઉપર કબજો જમાવતાં કપાસની ખેતીમાંથી મબલખ પાક ઉપજ મેળવી દેવાં ભરી દઈશું તેવી આશા રાખનારા ખેડૂતોની જીવંત આશા ઉપર હાલ પાણી ફરી વળ્યું હોય તેવી સ્થિતિ પેદા થઈ છે.

છાણીયા ખાતરનો ઉપયોગ ન કરાતાં રોગચાળો : ખેતીવાડી વિભાગ

જિલ્લામાં પાછોતરા વરસાદ પછી કપાસના પાકમાં રોગચાળો દેખાયો છે ત્યારે જિલ્લા ખેતીવાડી વિભાગના જણાવ્યા મુજબ કપાસના વાવેતરમાં ખેડૂતોએ છાણીયા ખાતરનો મહત્તમ ઉપયોગ કર્યો નથી જેથી કેટલાક વિસ્તારોમાં કપાસમાં રોગચાળો દેખાયો છે.

ગુજરાત : નવરાત્રીની તૈયારીઓ અરવલ્લીમાં ખેલૈયાઓ ડાન્સ ક્લાસમાં જઈ શીખી રહ્યા છે ગરબા સ્ટેપ, પુષ્પા ઝુકેગા નહીં સાલા સ્ટેપની ડીમાન્ડ

છેલ્લા બે વર્ષથી કાળમુખા કોરોનાને લીધે નવરાત્રીની ઉજવણી કરવામાં આવી ન હતી લોકોએ પોતાના ઘરે જ પૂજા આરતી કરીને નવરાત્રીનો પર્વ ઉજવ્યો હતો.ધીરે ધીરે કોરોના દેશમાંથી ગાયબ થઈ રહેતા લોકોએ હાશકારો અનુભવ્યો છે ગુજરાત સરકારે નવરાત્રી મહોત્સવ માટે છૂટ આપતા માઈ ભક્તો અને ખેલૈયાઓમાં અનેરો ઉત્સાહ અને થનગનાટ જોવા મળી રહ્યો છે ખેલૈયાઓ જાણે બે વર્ષની કસર પુરી માંગવા હોય તેમ ગરબાના વિવિધ સ્ટેપ પ્રેક્ટિસ કરવાની સાથે ડાન્સ ક્લાસમાં શીખી રહ્યા છે. મોડાસા શહેરમાં આવેલા ડાન્સ ક્લાસમાં નાના બાળકો થી લઈ યુવાધન અને મહિલાઓ પણ અવનવા અને વૈવિધ્યપૂર્ણ સ્ટેપ શીખી રહ્યા છે ગરબા ક્લાસમાં ખેલૈયાઓમાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે